# Visit of External Affairs Minister to the Republic of Paraguay

## વિદેશ મંત્રીની પેરાગ્વે ગણરાજ્યની મુલાકાત

23 ઓગસ્ટ, 2022

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર દ્વારા 21-22 ઓગસ્ટ 2022 નાં રોજ પેરાગ્વે ગણરાજ્યની અધિકૃત મુલાકાત લેવામાં આવી હતી અને એસન્કશનમાં ખોલવામાં આવેલા નવા ભારતીય દૂતાવાસનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ભારતનાં વિદેશ મંત્રી દ્વારા પેરાગ્વે ગણરાજ્યની લેવામાં આવેલી સૌપ્રથમ મુલાકાત છે જે બન્ને દેશોએ રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 60મી વર્ષગાંઠ પૂર્ણ કરવા સાથે થઇ છે.

2. આ મુલાકાતની શરૂઆત એસન્કશનનાં વોટરફ્રન્ટ ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કરવા સાથે થઇ હતી. વિદેશ મંત્રીએ નેશનલ પેન્થીઓન ઑફ હીરોઝ ખાતે શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી અને પેરાગ્વેનાં રાષ્ટ્રિય હીરોનાં બલીદાનોને યાદ કર્યા હતા.

3. વિદેશ મંત્રી પેરાગ્વે ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમાન મારિયો આબ્દો બેનિટેઝને રાષ્ટ્રપતિનાં મહેલમાં મળ્યા હતા. વિદેશ મંત્રીએ પેરાગ્વે ગણરાજ્યનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન જુલિયો સેઝર એરિઓલા સાથે મીટિંગ પણ યોજી હતી જેમાં બન્ને પક્ષો વ્યાપાર અને વાણીજ્ય, કૃષિ, ફાર્માસ્યુટિકલ્સ, પરંપરાગત દવાઓ, ટેકનિકલ અને વિકાસ સહકાર, સૌર ઊર્જા, અને MERCOSUR સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં સહકાર મજબૂત કરવા માટે સંમત થયા હતા. તેઓએ પ્રાંતિય અને વૈશ્વિક બાબતો પર દ્રષ્ટિકોણોની આપ-લે પણ કરી હતી અને બહુપક્ષીય મંચો પર એકબીજાને સમર્થન આપવાનું ચાલું રાખવા અને નિયમો આધારિત આંતરરાષ્ટ્રિય વ્યવસ્થાનો પ્રચાર કરવા માટે સંમત થયા હતા. વિદેશ મંત્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે કોવિડ મહામારી દરમિયાન રસીઓ પૂરી પાડવાની બાબત ભારત દ્વારા એકતાનું વિધાન હતું.

4. વિદેશ મંત્રી દ્વારા પેરાગ્વે ગણરાજ્યનાં વાણીજ્ય અને ઉદ્યોગ મંત્રી મહામહિમ શ્રીમાન લુઇસ આલ્બેર્ટો કાસ્ટિગ્લિઓનીની હાજરીમાં પેરાગ્વેનાં ઔદ્યોગિક યુનિયન ખાતે વ્યાપારી સમુદાયને સંબોધન કર્યું હતું.

5. એસન્કશનમાં ભારતીય દૂતાવાસનું ઉદ્ઘાટન સંયુક્ત રીતે ભારતનાં વિદેશ મંત્રી અને પેરાગ્વેનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન જુલિયો સેઝર એરિઓલા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ઉદ્ઘાટનમાં આંતરિક બાબતોનાં મંત્રી મહામહિમ શ્રીમાન ફેડેરિકો એ. ગોન્ઝાલેઝ સહિત પેરાગ્વેમની સરકારનાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ હાજરી આપી હતી. અન્ય મહેમાનોમાં ડિપ્લોમેટિક કોર્પ્સ, વ્યાપારી સમુદાયનાં સભ્યો અને પેરાગ્વેમાં વસતા ભારતીય લોકોનો સમાવેશ થતો હતો.

**નવી દિલ્હી**
**23 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.